## લો–ઇન્કમ ગ્રુપ સ્કીમ ( ૫૦ % માફી યોજના)

ગુજરાત સરકાર દવારા જે લોકો ની આવક મર્યાદા રૂા.૨,૦૦,૦૦૦ (અંકે રૂપીયા બે લાખ) થી ઓછી ધરાવતા હોય તેઓ માટે આ યોજના હેઠળ અત્રેની હોસ્પિટલમાં ટેરીફ પ્રમાણે તબીબી સારવારમાં ૫૦ ટકા રાહત આપવામાં આવશે જેના માટે નીચે મુજબના પુરાવા જરૂરી રહેશે.

(નોંધઃ આ યોજના હેઠળ દર્દી કે તેના લોહીની સગાઇ વાળા વ્યકિત ઇન્કમટેક્ષ ભરતા ન હોવો જોઈએ)

૧. આવકનો દાખલો તબીબી સહાય હેઠળ કરાવીને લાવી (રેવન્યુ વિભાગના નાયબ મામલતદાર કક્ષાના અધિકારીનું

મેળવવાનું રહેશે. ગ્રામ્ય વિસ્તારમાં રહેતા લોકોએ તાલુકા વિકાસ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર લાવવું.

૨. રેશનકાર્ડ ની નકલ ૩. ચૂંટણી કાર્ડની નકલ

( સ્પેશયલ રુમ મળવા પાત્ર નથી.)

૪. લગ્ન પ્રમાણપત્ર

# ખેતમજૂર માટે રાહતદરે સારવાર લેવા માટે જરૂરી દાખલાઓ લાવવાની સૂચનાઓ

(1) ખેતમજૂરનો દાખલો (સરપંચનો)

(2) આવકનો દાખલો ( મામલતદારશ્રી અથવા તાલુકા વિકાસ અધિકારીશ્રીનો)

(3) તે ઉપરાંત ખેત મજૂર અને આવકના દાખલાનું રૂ 20ના સ્ટેમ્પ પેપર પર લખાણ કરાવવું.

(4) રેશનકાર્ડની ઝેરોક્ષ નકલ

(5) ઓપરેશન ખર્ચનો એસ્ટીમેન્ટ ( જે રૂમ.નં: ૧૦ માંથી સર્ટિફિકેટ લેવું)

ઉપરોક્ત દર્શાવેલ પેપર્સ લઇને નજીકની શ્રમ અધિકારીશ્રીની ઓફિસમાં જવું.

# <u>શાળા આરોગ્ય કાર્યક્રમ (સ્કુલ હેલ્થ પ્રોગ્રામ) માટે જરૂરી સૂચનાઓ</u>

0 થી 18 વર્ષ સુધીના દર્દી-બાળકોને ગુજરાત સરકારની શાળા આરોગ્ય કાર્યક્રમ હેઠલ નીચેના પ્રમાણપત્રો રજૂ કરવાથી વિનામૂલ્યે સારવાર મળે છે.

1. દર્દીના જન્મ તારીખનો દાખલો
2. દર્દી સ્કૂલમાં ભણે છે તેનું પ્રમાણપત્ર
3. દર્દી જો આંગણવાડીમાં ભણતું હશે તો તે અંગેનું પ્રમાણપત્ર
4. રેશનકાર્ડની કોપી

ઉપરના પ્રમાણપત્રો લઈ દર્દી જ્યાં રહેતું હોય ત્યાંના **<u>પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર</u>**માં જવું. ત્યાંથી **<u>સંદર્ભકાર્ડ</u>** ભરાવી જીલ્લા પંચાયતમાં **<u>જીલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી</u>** પાસેથી **<u>પરવાનગી (મંજૂરી પત્ર)</u>** લેટર મેળવવો.
( સ્પેશયલ રુમ મળવા પાત્ર નથી.)

**<u>અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના દર્દીઓ માટે તદ્દન મફત સારવારતદ્દન મફત સારવારનો લાભ લેવા માટે નીચે પ્રમાણેના પ્રમાણપત્રો રજૂ કરવા</u>**

**(1) દર્દીનો અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત જનજાતિનો દાખલોઃ**

(સમાજ કલ્યાણ અધિકારીશ્રી અથવા મામલતદારશ્રી અથવા તાલુકા વિકાસ અધિકારશ્રી અથવા જિલ્લા વિકાસ અધિકારીશ્રી અથવા ખાસ ફરજ પરના અધિકારીશ્રી અથવા તકેદારી અધિકારીશ્રીનો)

**(2) દર્દીનો આવકનો દાખલોઃ સરકારશ્રીના વખતો વખતના આદેશ અનુસાર**

મામલતદારશ્રી અથવા તાલુકા વિકાસ અધિકારીશ્રી અથવા જિલ્લા વિકાસ અધિકારીશ્રી અથવા ખાસ ફરજ પરના અધિકારીશ્રી અથવા તકેદારી અધિકારીશ્રીનો કલેક્ટર કચેરીમાંથી લાવવાનો રહેશે.

(જો દર્દીનો આવકનો દાખલો ન હોય તો દર્દી જેના પર આશ્રિત હોય તેનો આવકનો દાખલો લાવવો. જેમાં રેશનકાર્ડ ફરજીયાત લાવવાનું રહેશે. જેમાં દર્દીનું નામ તથા જેના પર આશ્રિત હોય તેનું નામ હોવું જરૂરી છે.)

**(૩) ચૂંટણીકાર્ડની નકલ તેમજ રેશનકાર્ડની નકલ**

**(૪) જો લગ્ન થયા હોય અને દર્દી સ્ત્રી હોય તો મેરેજ સર્ટી તેમજ ચૂંટણી કાર્ડની નકલ**

( સ્પેશયલ રુમ મળવા પાત્ર નથી.)

# જે દર્દીઓ બી.પી.એલ. લાભાર્થી હોય તેઓએ તબીબી સહાય વિનામૂલ્યે મેળવવા માટે નીચે મુજબ ના પ્રમાણપત્ર આપવાના રહેશે.

**<u>ગ્રામ્ય વિસ્તારના દર્દીઓ માટે...</u>**

૧. જો દર્દી ગ્રામ્ય વિસ્તારનું હોય તો જે તે ગ્રામ વિસ્તારના તલાટીશ્રી પાસેથી બી.પી.એલ. અંગેનો ૦ થી ૨૦૭ સ્કોરનો લાભાર્થીનો દાખલો આપવાનો રહેશે.તેમા દર્દીનું તેમજ કુંટુંબીઓના નામનો સમાવેશ હોવા જરૂરી છે.

૨. રેશનકાર્ડની નકલ આપવાની રહેશે. ૩. ચુંટણી કાર્ડની નકલ (દર્દીની)આપવાની રહેશે.

**<u>શહેરી વિસ્તારના ( નગરપાલિકા વિસ્તાર) દર્દીઓ માટે...</u>**

૧. જો દર્દી શહેરી વિસ્તારના હોય ત્યારે જે તે વિસ્તારના નગરપાલિકા ના ચીફ ઓફિસર શ્રી પાસેથી બી.પી.એલ. અંગેનું પ્રમાણપત્ર લાવવાનું રહેશે.(સહી સિકકા / પ્રમાણપત્ર ક્રમાંક સાથે)

૨. રેશનકાર્ડની નકલ આપવાની રહેશે. ૩. ચુંટણી કાર્ડની નકલ (દર્દીની)આપવાની રહેશે.

**<u>શહેરી વિસ્તારના ( મહાનગરપાલિકા વિસ્તારના )દર્દીઓ માટે...</u>**

૧. જો દર્દી મહાનગરપાલિકા વિસ્તારના હોય ત્યારે જે તે વિસ્તારના યુ.સી.ડી.ઓફિસસરપાસેથી આપવામાં આવેલ બી.પી.એલ. અંગેનું પ્રમાણપત્ર / કાર્ડની નકલ લાવવાની રહેશે.

૨. રેશનકાર્ડની નકલ આપવાની રહેશે.૩.ચુંટણી કાર્ડની નકલ (દર્દીની)આપવાની રહેશે.

( સ્પેશયલ રુમ મળવા પાત્ર નથી.)